ખેડબ્રહ્મામાં ગણેશ સ્થાપન કરવામાં આવ્યું

ગણેશ ચતુર્થી નિમિત્તે ખેડબ્રહ્મા શહેરમાં ૧૫ થી વધુ સાર્વજનિક ગણપતિની સ્થાપના કરવામાં આવી હતી. આજે જેમાં ગામ વિસ્તાર, શિતલચોક, રેલવે સ્ટેશન અને પટેલ સોસાયટી સહિત ૧૫ જગ્યાએ ગણેશ સ્થાપના કરવામાં આવી હતી. પટેલ સોસાયટીના ગણપતિના યજમાન સ્મિતાબેન સુમનભાઈ પટેલના ઘરેથી ગણપતિનો વરઘોડો કાઢી શહેરમાં ફેરવવામાં આવ્યો હતો. ત્યારબાદ મંડપમાં ખેડબ્રહ્માના પ્રાંત અધિકારી આર.આર. ઠક્કરના હસ્તે દિપ પ્રાગટ્ય કરી ગણેશની સ્થાપના કરવામાં આવી હતી. આ પ્રસંગે મોટી સંખ્યામાં ભક્તજનો ઉપસ્થિત રહ્યા હતા.

હિંમતનગરમાં ગણેશજીની પ્રતિમાઓનું સ્થાપન કરાયું

હિંમતનગર, તા. ૧૯

સાબરકાંઠા જિલ્લા સહિત હિંમતનગરમાં બુધવારના રોજ સવારે શુભ મુહૂર્તમાં ભક્તોએ ઘરે અને વિવિધ મંડળો દ્વારા દુદાળા ગણેશજીની પ્રતિમાને વાજતે ગાજતે સ્થાપન કર્યું હતું. હિંમતનગર શહેરમાં મહેતાપુરા વિસ્તારના બ્રહ્માણીનગર ખાતે સિદ્ધિ વિનાયક મંડળ દ્વારા સતત ત્રીજા વર્ષે પોલોગ્રાઉન્ડ ખાતે ગણપતિ ઉત્સવ મંડળ અલકાપુરી ખાતે સતત ૧૯માં વર્ષે રાજ્યના ગૃહમંત્રી પ્રફુલ પટેલના હસ્તે ગણેશજીની પ્રતિમાનું સ્થાપન કરવામાં આવ્યું હતું.

જિલ્લા પંચાયતની બાજુમાં શક્તિનગર સાર્વજનિક ગણેશ મહોત્સવ મંડળ દ્વારા સતત ૨૦માં વર્ષે ગણેશજીની પ્રતિમાનું સ્થાપન હિંમતનગર શહેરના યુવા ભાજપના મહામંત્રી હિરેન ગોરના હસ્તે કરવામાં આવ્યું હતું. જ્યાં શિવજીની બારાતનું પ્રદર્શન પણ રાખવામાં આવ્યું છે. આ ઉપરાંત છાપરિયા વિસ્તારના રાયકાનગરમાં વિશ્વકર્માનગર ખાતે અને મહાવીરનગર ખાતે હરિઓમ સોસાયટી નજીક ગણપતિ મંદિર ખાતે પણ ગણેશજીની પ્રતિમાનું સ્થાપન કરવામાં આવ્યું હતું.

ભિલોડા બસ સ્ટેન્ડમાંથી બીયરના જથ્થા સાથે એક પકડાયો

ભિલોડા, તા. ૧૯

સાબરકાંઠા જિલ્લાના ભિલોડાના બસ સ્ટેન્ડમાંથી બુધવારના રોજ બપોરના સુમારે ભિલોડા પોલીસે એક ઈસમ પાસેથી બીયરનો જથ્થો મળી આવતા પોલીસે તેના વિરૂદ્ધ પોલીસમથકે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

આ અંગેની વિગત આપતા ભિલોડા પોલીસમથકના પી.એસ.ઓ. સરસ્વતીબેને જણાવેલ કે ભિલોડા એસ.ટી. બસ સ્ટેન્ડમાં બુધવારના રોજ બપોરના દોઢ વાગેના સુમારે રાજસ્થાનના ઉદેપુર જિલ્લાના ખેરવાડા તાલુકાના પાટિયા ગામના પીન્કેશ નાથુજી અસોડા બસ સ્ટેન્ડમાં ઉભો હતો ત્યારે પોલીસને તેના પર શક જતા તેની તપાસ કરતા તેના પાસેના થેલામાંથી બીયરના ૨૮ નંગ કિંમત રૂ. ૨૮૦૦નો મળી આવતા પોલીસ તેને પકડી પાડી તેના વિરૂદ્ધ ભિલોડા પોલીસમથકે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

માણસા ખાતે શ્રી સંજીવ મહેતાના નેતૃત્વમાં 'સ્વામી વિવેકાનંદ કે પથ પર આગે કદમ' કાર્યક્રમ યોજાયો

સ્વામી વિવેકાનંદની ૧૫૦મી જન્મ જયંતિ ઉજવણી સેલ, ગુજરાત સરકાર, યુવક સેવા સાંસ્કૃતિક સેવા વિભાગ, યુવા દિશા કેન્દ્ર અને શ્રી એસ.આર. આર્ટસ એન્ડ બી.આર. કોમર્સ કોલેજના સંયુક્ત ઉપક્રમે રાષ્ટ્રવંદના ગીત અને સ્વામી વિવેકાનંદ યુવા અભિયાનનો દેશભક્તિથી તરબતર કાર્યક્રમ 'સ્વામી વિવેકાનંદ કે પથ પર આગે કદમ' તાજેતરમાં યોજાઈ ગયો. શ્રી સંજીવ મહેતાએ કોલેજના ૧૦૦૦ યુવાનોને ગાંધી પીસ ફાઉન્ડેશનના અધ્યક્ષ શ્રી સુબ્બારાવજી અને નેશનલ ફાઉન્ડેશન ઓફ કોમ્યુનલ હાર્મની શ્રી લલિત શર્માના માર્ગદર્શનમાં 'હમારા લક્ષ્ય કોમ્યુનલ હાર્મની' આધારિત રાષ્ટ્રવંદના ગીત અને સ્વામી વિવેકાનંદ યુવા અભિયાનના વિવિધ મુદ્દાઓની છણાવટ કરતાં પોતાનાં અધ્યક્ષીય પ્રવચનમાં યુવાનોને દરરોજ એક સત્કાર્ય કરવાં જણાવી સ્વામીજી કહ્યું હતું તે પ્રમાણે ભારતને વિશ્વ વિજયથી ઓછું કંઈ ન ચાલે તેમ જણાવી અભ્યાસમાં અવ્વલ રહેવા અપીલ કરી હતી.

રાજ્યના મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના ગુટખા પ્રતિબંધના નિર્ણયને અનુમોદન આપતાં નશાબંધી સંસ્કાર કેન્દ્ર, ગાંધીનગરના ઉપક્રમે સમારોહમાં ઉપસ્થિત કાર્યક્રમના ઉદ્‌ઘાટક અને પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડના અધ્યક્ષ શ્રી મહેન્દ્રભાઈ ત્રિવેદીએ નશાબંધી સંસ્કારના શપથ લેવડાવ્યા હતાં. જો આપણે પરસ્પર વિવેક જાળવતા શીખીએ તો પણ સ્વામી વિવેકાનંદની ૧૫૦ જન્મ જયંતિની સાચી ઉજવણી કહેવાશે તેમ જણાવતાં તેમણે શ્રી સંજીવ મહેતાની કામગીરીને બિરદાવતા કોઈપણ વક્તવ્ય કરતાં પણ આ દેશભક્તિ ગીતોએ ભારે મોટી અસર કરી છે તેમ જણાવ્યું હતું. સમારોહમાં ઉપસ્થિત સંગીત નાટ્ય અકાદમી ના સભ્ય સચિવ શ્રી માનનીય ડૉ. પ્રદીપ આઝાદે શિકાગો ધર્મસભાના પ્રસંગને વર્ણવી તેની કાવ્યમય ઝલક પ્રસ્તુત કરી હતી અને યુવાનોને સ્વામી વિવેકાનંદના પંથે આગળ વધવા હાકલ કરી હતી.

શ્રી સંજીવ મહેતા પ્રેરીત 'સ્વામી વિવેકાનંદ કે પથ પર આગે કદમ' કાર્યક્રમ માણસા કોલેજ ખાતે દબદબાભેર ઉજવાઈ ગયો. આ પ્રસંગે શ્રી મહેન્દ્રભાઈ ત્રિવેદી, ડો. હાસ્યદાબેન પંડ્યા, ડો. પ્રદીપભાઈ આઝાદ અને અન્ય મહાનુભાવોએ કાર્યક્રમનું દીપ પ્રગટાવીને ઉદ્‌ઘાટન કર્યું હતું તે પ્રસંગની તસ્વીરી ઝલક

કાર્યક્રમના સ્વાગત પ્રમુખ ડૉ. હાસ્યદાબેન પંડ્યાએ પોતાના સ્વાગત પ્રવચનમાં દરિદ્રનારાયણની સેવા એ જ ખરી માનવ સેવા છે એ સ્વામીજીના મુખ્ય કાર્યને લાગણીસભર પ્રસ્તુત કરતાં મનનીય પ્રવચન રજૂ કર્યું હતું. કેમ્પસ ડાયરેક્ટર ડૉ. પી. પી. રાવલે આ કાર્યક્રમમાં હાજર રહેતાં પોતે ફરીથી આઝાદી વખતનું પોતાનું યૌવન પાછું મેળવ્યાની લાગણી અનુભવી રહ્યાનું જણાવ્યું હતું અને સ્વામી વિવેકાનંદની ઉજવણી સેલના કાર્યને બિરદાવ્યું હતું.

સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન ડૉ. ઉદય ગોરે કર્યું હતું અને આભાર દર્શન ડૉ. મુકેશ પટેલે કરેલ. આ કાર્યક્રમમાં માણસા ભાજપના પ્રમુખ શ્રી ગોવિંદભાઈ પટેલ, ગાંધીનગર શહેર ભાજપ પ્રમુખ શ્રી રૂચિરભાઈ ભટ્ટ, વિવેકાનંદ કેન્દ્રના પ્રમુખ શ્રી કેતન પટેલ, શ્રી ગિરીશ ચૌધરી અને જાણીતા યુવક કાર્યકર શ્રી જયેશભાઈ ચૌધરી ખાસ ઉપસ્થિત રહ્યાં હતાં.

દાંતીવાડા-ચંડીસર માર્ગનું સમારકામ આરંભાયું

દાંતીવાડા, તા. ૧૯

દાંતીવાડાથી ચંડિસર સુધીના મુખ્ય માર્ગ પર પડેલા ખાડા સંદર્ભે થોડા દિવસો પૂર્વે ગાંધીનગર સમાચાર પત્રમાં પ્રસિદ્ધ થયેલા અહેવાલને પગલે મોડે મોડે પણ તંત્ર જાગ્યું છે. અને માર્ગનું સમારકામ ચાલુ કરાવતા રહિશોએ હાંશકારો અનુભવ્યો હતો.

પ્રાપ્ત માહિતી અનુસાર બનાસકાંઠા જિલ્લાના દાંતીવાડા તાલુકામાં દાંતીવાડાથી ચંડિસર સુધીનો મુખ્ય માર્ગ છેલ્લા ઘણા સમયથી બિસ્માર હાલતમાં હતો. જેના પર મોટા મોટા ખાડા અને માટીના ઢગલા પણ થઈ ગયા હતા. જેથી વાહન ચાલકો ભારે ત્રાહિમામ પોકારી ઉઠ્યા હતા અને તંત્ર વિરૂદ્ધ ઉગ્ર રોષ વ્યક્ત કર્યો હતો જે સમાચાર થોડા દિવસો પૂર્વ ગાંધીનગર સમાચારમાં છપાયા હતા. પરિણામે તંત્રએ તુરંત પગલા લઈ અધિકારીઓ સ્થળની મુલાકાત લીધી હતી અને માર્ગનું સમારકામ હાથ ધર્યું હતું. ગાંધીનગર સમાચારનો પડઘો પડતા લોકોમાં આનંદનુ મોજુ પ્રસરી ગયું હતું.

પ્રાંતિજ તાલુકાના પોયડા ગામની ઘટના

રજાના દિવસે ઢોર ચરાવવા ગયેલો આશાસ્પદ યુવાન સાબરમતી નદીમાં નહાવા પડતાં ડૂબી જવાથી મોત

ચિલોડા, તા. ૧૯

પ્રાંતિજ તાલુકાના પોયડા ગામ પાસેથી સાબરમતી નદી પસાર થાય છે ત્યાં રવિવારે ઓરાણ હાઈસ્કૂલમાં ધો. ૧૦માં ભણતો વિદ્યાર્થી નામે ચૌહાણ ચેતનસિંગ રમતુસિંગ પોતાના ઢોર ચરાવવા ગોવાડિયા સાથે નદીના પટમાં ગયો હતો ત્યાં નદીમાં નહવા પડવાથી નદીમાં ગરકાવ થતાં તેનું મોત નિપજ્યું હતું. પરિણામે સમગ્ર ગામમાં શોક અને આઘાતનું મોજું પ્રસરી જવા પામ્યું હતું. આ બનાવ અંગે મળતી માહિતી મુજબ રવિવારે રજાના દિવસે બપોરે ચેતનસિંગ ઉ.વ. ૧૭ નદીમાં ન્હાવા પડ્યો હતો તે અચાનક ઊંડા પાણીમાં જતો રહ્યો હતો. આ અંગે ઢોર ચરાવતા ગોવાળિયાઓને ખબર પડતાં ગામમાં જઈને જાણ કરતાં આખુ ગામ નદી પર દોડી આવ્યું હતું. ત્યારબાદ તેની શોધખોળ આરંભતા ગ્રામજનો દ્વારા મૃતદેહને બહાર કઢાયો હતો. આ આશાસ્પદ યુવાનના બનાવ અંગે પિતા રમતુસિંગ પોલીસને જાણ કરી હતી. ત્યારબાદ ઘટતી કાર્યવાહી હાથ ધરી હતી. જ્યારે ઓરાણ હાઈસ્કૂલમાં ભણતો વિદ્યાર્થીના અવસાનના માનમાં શાળા પરિવારે ઊંડા શોકની લાગણી વ્યક્ત કરી મૌન પાળ્યું હતું.

પાલનપુર નજીક સલેમપુરાની બાળકીનો હત્યારો પોલીસના સકંજામાં

પાલનપુર, તા. ૧૯

પાલનપુર પંથકના સલેમપુરા ગામની માસૂમ બાળકી ગત તા. ૯મી સપ્ટેમ્બરના રોજ ગુમ થયા બાદ તેનો મૃતદેહ ગામની સીમમાંથી ૧૧ સપ્ટેમ્બરના રોજ મળતા સમગ્ર વિસ્તારમાં ભારે ચકચાર મચી જવા પામી હતી. આ ગૂમ બાળકીનો મૃતદેહ મળતા પોલીસે હત્યાનો ગુનો નોંધી તપાસ હાથ ધરતા મોબાઈલ કોલ ડીટેઈલના આધારે આરોપી પોલીસ સકંજામાં આવી ગયો છે.

આ ચોંકાવનારી માસૂમ બાળકીની નિર્મળ હત્યા અંગે પોલીસ સૂત્રોના જણાવ્યાનુસાર પાલનપુર તાલુકાના સલેમપુરા ગામના અમરસિંહ હેદુજી ડાભીએ ગઢ પોલીસ મથકે તેમના કાકાના દિકરા ગુલાબ સિંહ ડાભીની દિકરી માનસી (ઉ.વ.૬) ને કોઈ અજાણ્યા શખ્સો અપહરણ કરી ગયાની ફરિયાદ આપી હતી.

તે સંદર્ભે બનાસકાંઠાના એસ.પી. અશોક યાદવના માર્ગદર્શન હેઠળ અપહૃત બાળકીની તપાસ હાથ ધરી હતી. દરમિયાન ૧૧ સપ્ટેમ્બરના રોજ માનસીનો મૃતદેહ ગામની સીમમાં મળી આવતા પોલીસે હત્યાનો ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

આ ચકચારી ઘટના બાદ પોલીસને ડૉગ સ્કવોર્ડ અને કોલ ડીટેઈલના આધારે સફળતા મળી હતી અને હત્યાના ગુનાનો પર્દાફાશ કર્યો હતો. જેમાં પ્રેમમાં પાગલ બનેલ મૃતક બાળકીના કાકાની દીકરી અને તેના પ્રેમીએ ભેગા મળી માસૂમ બાળકીનું કાસળ કાઢી નાંખ્યું હતું. પોલીસે જણાવ્યું હતું કે આ ઘટનાની હકીકત એવી છે કે મૃતક બાળકી માનસીના કાકા પ્રતાપજી ચતરાજીની દિકરી વર્ષા ઉર્ફે તેજલને તેના મહોલ્લામાં રહેતા મહેશજી ચેલાજી સાથે પ્રેમ સંબંધ હતા. બંનેના કુટુંબો વચ્ચે ઘણા સમયથી ઝગડા પણ ચાલતા હતા. આથી ઘણી વખત ધાકધમકીઓ પણ મળી હતી. ત્યારે તેજલે તેના કાકાની દિકરી માનસીને બહાર કુદરતી હાજતે લઈ ગઈ હતી જ્યાં માનસી તેજલ અને મહેશને મળતા જોઈ ગઈ હતી અને માનસી આ વાત પરિવારજનોને કહી દેશે તેવા ભયથી તેજલે મોં દબાવી મારી નાખી હતી અને મૃતદેહને સગેવગે કરવા તેજલ અને તેના પ્રેમી મહેશે ભેગા મળી મૃતદેહને તેના ઘર પાસે ફેંકી દીધો હતો. પોલીસે હાલ આ બંનેની અટકાયત કરી વધુ તપાસ જે.બી. આસોડીયા અને ડી.વાય.એસ.પી. આર.આઈ. પટેલ ચલાવી રહ્યા છે.

જૈનોના પર્યુષણ પર્વ નિમિત્તે ખેડબ્રહ્મા તાલુકાના ટેરોલ મુકામે આવેલા શ્રી ૧૦૮ પ્રાશ્વનાથના મંદિર પરિસરમાં ભાવિક ભક્તોનું ઘોડાપુર ઉમટી પડ્યું હતું તે ફોટામાં તાદૃશ્યમાન થાય છે.

(તસવીર : વિઠ્ઠલભાઈ સુથાર, લક્ષ્મીપુરા)

પાટણ ખાતે ૨૩મી સપ્ટેમ્બરના રોજ યુવા પરિષદ યોજાશે

પાટણ, તા. ૧૯

સ્વામી વિવેકાનંદની ૧૫૦મી જન્મજયંતિ ઉજવણી વર્ષના ઉપલક્ષમાં પાટણ ખાતે હેમચંદ્રચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી મેદાનમાં તા. ૨૩-૯-૨૦૧૨ નાં રોજ પાટણ જિલ્લાનો સ્વામી વિવેકાનંદ યુવક પરિષદ યોજાનાર છે. આ યુવાશક્તિને મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી પ્રોત્સાહિત કરવા પધારનાર હોઈ જિલ્લા કલેકટર શ્રી જે.જી. હીંગરાજીયાની અધ્યક્ષતામાં પૂર્વ આયોજન અંગે બેઠક યોજાઈ હતી. યુવક પરિષદના કાર્યક્રમને સુપેરે પાર પાડવા માટે જિલ્લા કલેકટરશ્રીએ કાર્યક્રમની તૈયારી તથા અમલીકરણ માટે વિવિધ કામગીરી કરવા સારૂં ૧૪ જેટલી અમલીકરણ સમિતિઓની રચના કરવામાં આવી છે. દરેક અમલીકરણ અધિકારીઓને યુવા પરિષદ અંગેની આનુસાંગિક કામગીરી માટે માર્ગદર્શન આપ્યું હતું.

કાર્યક્રમ દરમિયાન રમતગમત ક્ષેત્રે ગુજરાતનું નામ રોશન કરનાર ખેલાડીઓનું તથા જિલ્લાના વિવિધ ખેલકૂદ સ્પર્ધામાં વિજેતા થયેલા અને ગુજરાતનું ગૌરવ વધારનાર ખેલાડી ભાઈ-બહેનોનું મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી તથા મહાનુભાવોના હસ્તે અભિવાદન અને સન્માન કરવામાં આવનાર છે. અધિક નિવાસી કલેકટર શ્રી ડી. એ. શાહના પ્રાંત અધિકારીઓ શ્રીઓ, અધિકારીઓ ઉપસ્થિત રહ્યાં હતા.

પોશીના પંથકને તાલુકાનો દરજ્જો મળતા લોકોમાં આનંદ છવાયો

ખેડબ્રહ્મા, તા. ૧૯

ખેડબ્રહ્મા ખાતે આવી પહોંચેલી સ્વામી વિવેકાનંદ યુવા વિકાસ યાત્રામાં મુખ્યમંત્રીએ તેમના ૬ ઉમાં જન્મદિન નિમિત્તે પોશીના પંથકને તાલુકાનો દરજ્જો આપવાની જાહેરાત કરી હતી. પોશીના પંથકના લોકોમાં આનંદ છવાયો હતો અને સરકારના આ નિર્ણયને આવકાર્યો હતો.

ખેડબ્રહ્મા ખાતે યોજાયેલ જાહેરસભામાં મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ ખેડબ્રહ્મા તાલુકાનું વિભાજન કરી પોશીના પંથકને તાલુકાનો દરજ્જો આપવાની જાહેરાત કરતાં ઉપસ્થિત લોકોએ નરેન્દ્ર મોદીના આ નિર્ણયને આવકાર્યો હતો. જાહેરસભામાં હાજર પોશીના અને ખેડબ્રહ્માના લોકોએ રેલી યોજી હતી. જેમાં ખેડબ્રહ્મા તાલુકા પ્રમુખ ભોજાભાઈ, પોશીનાના વેપારી કાજી ઐયુબભાઈ, જાન મંહમંદભાઈ, સોમજીભાઈ, જિલ્લા સદસ્ય રમેશભાઈ, સરપંચ ખેતાભાઈ ગમાર સહિત ભાજપના કાર્યકર્તાઓ અને પ્રજાજનો જોડાયા હતા.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એકવાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

એક્સક્લુસિવ શો-રૂમ

asian TILES WORLD Radhe ENTERPRISE

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર

મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય

મોર્ડન મોટર્સ

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર

ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧

સુવિધાઓ

● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામગ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ

EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર

કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર

પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન

ગાંધીનગર શહેરની મધ્યમાં અદ્યતન ઓટોમેટીક મશીનોથી સજ્જ

સીયાટ એપોલો ગુડઈયર કંપનીના ટાયરની સંપૂર્ણ રેન્જનો અધિકૃત વિશાળ શો રૂમ

Nirmala Tyres

Authorised DEALER : CEAT, APOLLO TYRES

CEAT TYRES APOLLO TYRES

રવિવારે શો-રૂમ બપોરે ૧ વાગ્યા સુધી ચાલુ રહેશે

ઉપલબ્ધ સેવાઓ :
- ઓટોમેટીક મશીન ઉપર ટાયર ફીટીંગ
- ટ્યૂબલેસ ટાયરનું પંચર કરી આપવામાં આવશે.
- હાઈ ક્વોલિટી પંચર સર્વિસ
- મોટી ટ્રકો તથા ટ્રેક્ટરના ટાયરો હાજર સ્ટોકમાં તદ્દન વ્યાજબી ભાવે મળશે.

એપોલો એક્સીલીયર ટ્યુબલેસ ટાયરની સંપૂર્ણ રેન્જ મળશે.

૩૭૯/૨, સેક્ટર-૧૬, શાલીમાર સિનેમા પાસે, ગાંધીનગર.

ફોન : ૨૩૨ ૩૬૩૫૧, મો. : ૯૮૨૪૦-૯૪૭૨૮